 ISSN: 2349-6002

# Study Of Sustainable Development and Environmental Impacts

Rahul Rambhai Khunti[1], Dr. Nita L. Khunti[2]
[1]*Department Of Economics, Dr. V.R. Ghodhaniya P.G Center, Porbandar.*
[2]*Guide*
*doi.org/10.64643/IJIRTV12I8-191483-459*

*સારાંશ:*-વિકાસ એ પરિવર્તનશીલ શબ્દ છે . વિકાસ શબ્દ ની સમજ માનવ સમાજની પ્રગતિ સાથે વિકસતી રહી છે.ટકાઉ વિકાસ શબ્દનો સૌપ્રથમ સત્તાવાર ઉલ્લેખ 1987 માં યુનાઇટેડ નેશન્સ ( UN ) દ્વારા પ્રકાશિત 'બ્રુટલેન્ડ રિપોર્ટ' મા કરવા મા આવ્યો હતો . આ અહેવાલ નું શીર્ષક અવર કોમન ફ્યુચર હતું. 1970 નો દાયકો પર્યાવરણીય ચિંતાઓ અને વિકાસ વચ્ચેના સંબંધ પર ધ્યાન કેન્દ્રિત કરવાની શરૂઆત થઈ. ટકાઉ વિકાસ એ વૃદ્ધિ અને માનવ વિકાસ માટેનો એક અભિગમ છે જેનો ઉદ્દેશ્ય ભાવિ પેઢી ઓ ની પોતાની જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના વર્તમાન ની જરૂરિયાતો ને પૂરી કરવાનો છે . વિશ્વના વિકસિત દેશો ના આર્થિક વિકાસનો આધાર પણ કુદરતી સાધન, સંપત્તિ, ઠંડી, નરમ, આબોહવા, દરિયા કિનારા તેમજ ખનીજ તત્વો ને આભારી છે. 18 મી સદીના છેલ્લા 25 વર્ષમાં શરૂ થયેલી ઔદ્યોગિક ક્રાંતિ 19 મી અને 20 મી સદી માં ચાલુ રહી. જેના કારણે ઉત્પાદન ની પ્રક્રિયામાં ક્રાંતિકારી ફેરફાર થયા. આને પરિણામે માનવ માં સુખમય અને સુવિધા પૂર્ણ જીવન બને તેવો સમય આવ્યો. સુખ - સુવિધાથી આગળ વધીને વૈભવ માણનાર માનવ સમાજ ઊભો થવા લાગ્યો આને પરિણામે કુદરતી સંપત્તિ નો બેફામ ઉપયોગ થવા લાગ્યો, જે કુદરતી સમતુલાને ખોરવી નાખવાનો ભય ઊભો કર્યો. માનવી પોતાની કલ્પનાઓને સાકાર કરી વધુ ને વધુ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની દોડમાં પર્યાવરણ ને કેટલુ નુકસાન પહોંચાડી રહ્યો છે અને કુદરતી સંપત્તિનું અને સજીવ સૃષ્ટિનું કેટલું બધું શોષણ કરી રહ્યો છે.

*ચાવીરૂપ શબ્દો (keywords) :-* પર્યાવરણ સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ, આર્થિક વિકાસ, નવીનીકરણીય ઊર્જા, સંસાધનો નો સમજદારી પૂર્વક ઉપયોગ, ટકાવ જીવનશૈલી .

## ટકાઉ વિકાસ અને પર્યાવરણીય અસરો નો અભ્યાસ

### 1.વિષય પ્રવેશ:-

ટકાઉ વિકાસ એટલે ભાવી પેઢીની જરૂરિયાતોને નુકસાન પહોંચાડયા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતો પૂરી કરતો વિકાસ.ટકાઉ વિકાસ એટલે એવો વિકાસ છે વર્તમાન જરૂરિયાતો પૂરી કરે પરંતુ ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતોને નુકસાન ન પહોંચાડે તેનો પર્યાવરણ પર હકારાત્મક પ્રભાવ પડે છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં પર્યાવરણના પ્રશ્ન ને વધુ ધ્યાન આપ્યું છે.પર્યાવરણ અને આર્થિક વિકાસ એ બંને વચ્ચે સમતુલા કરવાના પ્રયાસોમાંથી ટકાઉ આર્થિક વિકાસના ખ્યાલનો ઉદભવ થયો છે.પ્રકૃતિના વિનાશના ભોગે ચાલતો વિકાસ એ લાંબા સમય સુધી ટકી શકે નહીં. આપણો વિકાસ કુદરત

 ISSN: 2349-6002

ના ભોગે નહીં પરંતુ કુદરતની સાથે થતો હોવો જોઈએ એટલે કે ટકાઉ બની શકે જેને ટકાઉ વિકાસ કહે છે. ટકાઉ વિકાસના ત્રણ પ્રકારો છે 1.પર્યાવરણીય ટકાઉ વિકાસ :- તેમાં કુદરતી સંસાધનો ના સંરક્ષણ અને પ્રદૂષણની અસરોને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. 2. આર્થિક ટકાઉ વિકાસ :- આનો અર્થ એવો આર્થિક વિકાસ હાંસલ કરવો છે જે ઇકોસિસ્ટમને નુકસાન પહોંચાડ્યા વિના બધા માટે સંપત્તિનું સર્જન કરે અને સંસાધનોનું સમાન વિતરણ કરે. 3. સામાજિક ટકાઉ વિકાસ :- તેમાં સામાજિક સમાનતા, જીવનની ગુણવત્તા, આરોગ્ય સંભાળ અને શિક્ષણને પ્રોત્સાહન આપે છે અને તેનો હેતુ સમાજના તમામ વર્ગોમાં ન્યાયી અને સમાન વિકાસ થાય તે જોવાનો છે.

સમાજને કુદરતી સાધન સંપત્તિ જમીન,પાણી, હવા, સૂર્ય પ્રકાશ, વનસ્પતિ, જળાશયો, નદીઓ, પર્વતો વગેરે ઉપલબ્ધ થયા છે તેના વપરાશ પર વર્તમાન પેઢીનો જ નહીં. પરંતુ ભવિષ્યની પેઢીનો પણ તેટલો જ હકક છે.વર્તમાન વિકાસની સાથે ભાવિ વિકાસનો પણ ખ્યાલ કરવામાં આવે છે. આ વિકાસ એ અલ્પજીવી નહીં પરંતુ ટકાઉ અને દીર્ઘકાલીન છે. તેમાં શોષણની નહીં પણ પોષણની વાત છે. ભાવી પેઢીના હિતોને નુકસાન પહોંચાડયા વિના સાધનો ના વર્તમાન વપરાશની વાત કરવામાં આવે છે. સાધનોનો બુદ્ધિપૂર્વક,યોગ્ય,ઉત્પાદક અને કરકસર યુક્ત ઉપયોગ કરીને વર્તમાન પેઢી અને ભાવિ પેઢી ની જરૂરિયાતો સંતોષી શકાય છે. આ પ્રકારના વિકાસ ને ટકાઉ,કાયમી કે પોષણયુક્ત સંતુલિત વિકાસ છે.

2.ટકાઉ વિકાસ ના લક્ષ્યાંકો :

પર્યાવરણ અને વિકાસ એ બંને સાથે ચાલવા જોઈએ.માનવીને પર્યાવરણ વિના ચાલવાનું નથી એ વાત ચોક્કસ છે.તો પછી બંનેને ને સાથે રાખીને કઈ રીતે વિકાસ કરી શકાય છે ? એ વાત ઉપર વધુ ધ્યાન રાખવાનું રહે છે.જો વિકાસના નામે પર્યાવરણનો નાશ કરવામાં આવે તો તે ભૂલ ભરેલી બાબત છે અને સાથે જો બેદરકારી રાખવામાં આવશે તો તેના કારણે આવનારા સમયમાં ગંભીર પ્રકારના પ્રશ્નો ઊભા થાય છે. ટકાઉ વિકાસ એટલે કે જેમાં ભવિષ્યની પેઢી ની જરૂરિયાતોને નુકસાન પહોંચાડયા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતોને સંતોષી શકાય છે.ટકાઉ વિકાસની સૌપ્રથમ રજૂઆત 1987 માં “ધ વર્લ્ડ કમિશન ઓન એન્વાયરમેન્ટ એન્ડ ડેવલોપમેન્ટ” માં કરી હતી. વિકાસ લાંબા સમય સુધી ટકી રહે તેવો હોવો જોઈએ. ટકાઉ વિકાસ થવાથી પર્યાવરણ પર તેની ખૂબ જ મોટા પ્રમાણમાં અસર થાય છે .

ટકાઉ વિકાસના લક્ષ્યો અથવા SDG એ 2015માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અપનાવવામાં આવેલા વૈશ્વિક લક્ષ્યો નો સમૂહ છે. તેનો હેતુ 2030 સુધીમાં જીવન સુધારવા, ગરીબી ઘટાડવા, પ્રકૃતિનું રક્ષણ કરવા અને શાંતિને પ્રોત્સાહન આપવાનો છે. કુલ ૧૭ લક્ષ્યો અને 169 લક્ષ્યો છે, જેને ટકાઉ વિકાસ માટે 2030 એજન્ડા તરીકે ઓળખવામાં આવે છે. ટકાઉ વિકાસ ના લક્ષ્યો ફક્ત વિકાસ વિશે જ નથી .આ લક્ષ્યો વિશ્વને વધુ ન્યાયી,સલામત, સ્વચ્છ અને સમાન કેવી રીતે બનાવી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં વધુ સારી આરોગ્ય સંભાળ, શિક્ષણ, રોજગાર, સ્વચ્છ પાણી અને સ્વાસ્થ્ય વાતાવરણનો સમાવેશ થાય છે.

ટકાઉ વિકાસ એટલે કે ભવિષ્યને ધ્યાનમાં રાખીને વર્તમાનમાં એવી તૈયારી કરવી કે જેથી વર્તમાન અને ભવિષ્યને કોઈ નુકસાન ન પહોંચે. ગરીબ પ્રજાનો સ્વાસ્થ્ય પર્યાવરણની વિપરીત અસરોને પરિણામે બગડે છે અને વધારે પડતું ખર્ચ જાહેર સ્વાસ્થ્ય માટે સરકારે કરવું પડે છે. દેશમાં વસ્તી વધારો જેમ જેમ થતો જાય છે તેમ- તેમ

 ISSN: 2349-6002

જમીનની ઉત્પાદકતા અને અનાજના ઉત્પાદનમાં પણ ઘટાડો થાય છે. સમાજનો વર્તમાન અને ભાવિ પેઢીઓનો સમાન અધિકાર કુદરતી સાધન સંપત્તિ પર રહેલો છે. એટલે કે જે કુદરતી સાધન સંપત્તિ, હવા, પાણી, સૂર્યપ્રકાશ, જમીન, જળાશયો, પર્વતો , વગેરે પર વર્તમાન અને ભાવિ પેઢી સમાન અધિકાર ધરાવે છે.કોઈ એક પ્રદેશમાં કુદરતી સંપત્તિમાં ઘટાડો થાય તો બીજા પ્રદેશમાં તે સંપત્તિમાં વધારો કરવા પ્રયત્નો કરવા જોઈએ અને પરિસ્થિતિને જાળવી લેવી જોઈએ.

દેશના આર્થિક વિકાસના પ્રયાસોમાં કુદરતી સાધનો અને પર્યાવરણ પર વિપરીત અસર થઈ છે. વધતું જતું ઉષ્ણ તાપમાન જંગલોનો આડેધડ રીતે વિનાશ, પશુ, પંખી, વનસ્પતિ જાતિ પ્રજાતિ લુપ્ત થવાથી ગંભીર અને વિપરીત અસરો સર્જાય છે.આર્થિક વિકાસના નામે કુદરતી સાધન સંપત્તિનો નાશ થતાં ગરીબી ઘટવાની જગ્યાએ વધી છે .તેથી પર્યાવરણ અને વિકાસની સમસ્યાનો વિચાર કરવો જરૂરી છે. દેશમાં આર્થિક વિકાસ થવાથી ધનિકો વધુ ધનિક બન્યા અને ગરીબો વધુ ગરીબ બન્યા તેમના કારણે ગરીબો વધુ ગરીબ બનતા પર્યાવરણનો વધુ ઉપયોગ અને ખોટી રીતે ઉપયોગ કરે છે જેથી પર્યાવરણનું પ્રદૂષણ વધે છે. પર્યાવરણની સુરક્ષા થાય તે રીતે આપણે ટકાઉ વિકાસ કરવાનો છે. પર્યાવરણના ભોગે કરાતો વિકાસ એ છેવટે તો વિકાસનો જ નાશ કરે છે. વિકસતા દેશોમાં વસ્તીનો અસાધારણ વધારો આધુનિક યંત્રવિદ્યા અને મોજશોખની વસ્તુઓની વધતી જતી માંગને કારણે પૃથ્વીના કુદરતી સાધનો અને પર્યાવરણ ઉપર અસાધારણ બોજો પડી રહ્યો છે.

વિકસતા દેશોમાં વસ્તીનું પ્રમાણ વધારે હોય ત્યાં ગરીબી નું પ્રમાણ પણ વધારે હોય છે. તેથી પર્યાવરણને નુકસાન થાય છે. લોકોના સ્વાસ્થ્ય બગડે તે માટે કેટલાક જોખમો, જમીનનું ધોવાણ, જંગલોનો વિનાશ, હોવાનું પ્રદૂષણ એ દૂષિત પાણીને લીધે ઊભા થયા છે. આ બધા જોખમોને કારણે દેશમાં મોટાભાગના લોકો જીવલેણ બીમારીઓ નો ભોગ બને છે અને કેટલાક મૃત્યુ પણ પામે છે કેટલાક લોકો પાણીને પ્રદૂષણ કેટલાક લોકો પાણીને પ્રદૂષણ અને કારણે કે હવાના પ્રદૂષણના કારણે રોગોનો ભોગ બને છે. તેમજ જમીનનું ધોવાણ થવાથી દુષ્કાળ જેવી સ્થિતિ પેદા થાય છે અને જંગલોના વિનાશ થી પુર અને પ્રલય જેવી સ્થિતિ સર્જાય છે. આમ પર્યાવરણમાં નુકસાન થવાથી તેની અસર માનવજીવન પર પડે છે.દેશના વિવિધ ખર્ચાઓ કે જે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેનો ચોક્કસ અંદાજ મેળવી શકાતો નથી. લોકોને વિકાસ લક્ષી કાર્યક્રમ દ્વારા પર્યાવરણની જાળવણી અને કેળવણી કરવા માહિતગાર કરવા જોઈએ.

વર્તમાન સમયમાં માનવીય સુખ સુવિધા અને વધુ સારું જીવન ધોરણ જીવવા માટે પર્યાવરણનો નાશ કરી રહ્યો છે.વર્તમાન સમયમાં વિકાસ એ ખૂબ મોટા પાયા પર થયો છે તેના કારણે ઉત્પાદનનો પણ વધ્યા છે અને નવા નવા ઉદ્યોગોની સ્થાપના થઈ છે.અને નવા નવા યંત્રોની પણ શોધ થઈ છે પરંતુ ઉદ્યોગોના કેમીકલો અને તેમાંથી નીકળતા ધુમાડાઓ તેમજ વાહનો ના ધુમાડાઓ દ્વારા પર્યાવરણને ખૂબ જ નુકસાન થાય છે. કુદરત દ્વારા પર્યાવરણ એ માનવીને ભેટ અપાયું છે તેની માનવીએ કિંમત ચૂકવવી પડતી નથી તેના પરિણામે માનવીએ પોતાના લાભ માટે ક્યાંક ને ક્યાંક પર્યાવરણનો ગેર રીતે ઉપયોગ કરતો હોય છે. જંગલોનો નાશ કરવાથી તે જંગલોમાં રહેતા પશુ, પક્ષીઓ અને અન્ય જીવો તેમજ કેટલાક લુપ્ત થવાને આરે હોય તેવા વૃક્ષો જંગલોના નાશ થવાથી તે લુપ્ત થઈ જાય છે અને વસ્તી વધારાને કારણે માનવીએ જંગલોનો નાશ કરીને ત્યાં રહેણાક વિસ્તાર

 ISSN: 2349-6002

બનાવે છે પરંતુ જંગલોનો નાશ કરે છે તેટલા પ્રમાણમાં બીજી કોઈ જગ્યાએ વૃક્ષો વાવવામાં આવતા નથી અને વૃક્ષારોપણ ના ખાલી ફોટા પાડીને ચાલ્યા જાય છે પરંતુ વૃક્ષોનું યોગ્ય રીતે વૃક્ષારોપણ કરતા નથી જેથી પર્યાવરણને ખૂબ જ નુકસાન થાય છે. કેટલાક વૃક્ષો, વનસ્પતિઓ, પશુઓ, પક્ષીઓ અને પ્રાણીઓ લુપ્ત થવાને આરે છે અને જો તેમનું જતન ન કરવામાં આવે તો તે નાશ પામે છે અને પછી ભાવિ પેઢી  તેમને જોઈ શકતી નથી કે તેમનો લાભ મેળવી શકતી નથી. આમ સતત વધતો જતો વિકાસ એ પર્યાવરણને ક્યાંક ને ક્યાંક નુકસાન પહોંચાડે છે. અંતે કહી શકાય કે ટકાઉ વિકાસ વિના પર્યાવરણનું સંરક્ષણ શક્ય નથી .

ટકાઉ વિકાસની પર્યાવરણ પર હકારાત્મક અને નકારાત્મક અસરો નો અભ્યાસ

❖ હકારાત્મક અસર :-

1.કુદરતી સંસાધનોનું સંરક્ષણ :-

ટકાઉ વિકાસ દ્વારા કુદરતી સંસાધનોનું સંરક્ષણ થાય છે જેમકે પાણી, જંગલો, જમીન અને ખનીજ સંસાધનો નો સીમિત અને સમજદારી પૂર્વક ઉપયોગ ગ થાય છે .

2.પ્રદૂષણ માં ઘટાડો :-

ટકાઉ વિકાસ દ્વારા પ્રદૂષણમાં ઘટાડો કરી શકાય છે. હવા,પાણી અને જમીન નું પ્રદૂષણ ઓછું થાય છે તેના કારણે પર્યાવરણ સ્વચ્છ રહે છે.

3.જૈવ વૈવિધ્ય નું રક્ષણ :-

ટકાઉ વિકાસ દ્વારા જૈવ વૈવિધ્ય નું સંરક્ષણ જેમ કે વનસ્પતિ અને વન્યજીવનનું સંરક્ષણ થવાથી પર્યાવરણીય સંતુલન જળવાઈ રહે છે .

4.નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ :-

ટકાઉ વિકાસ દ્વારા સૂર્ય, પવન જેવી ઊર્જાનો ઉપયોગ વધે છે જે પર્યાવરણને નુકસાન કરતા નથી અને પર્યાવરણનું રક્ષણ થાય છે.

5.માનવ આરોગ્ય માં સુધારો:-

ટકાઉ વિકાસ થવાથી સ્વચ્છ હવા, પાણી અને પર્યાવરણ મળવાથી  લોકોનું આરોગ્ય સારું રહે છે.

❖ નકારાત્મક અસર :-

1.પ્રારંભિક સંસાધન ખર્ચ વધુ :-

સોલાર પેનલ,પવનચક્કી જેવી ટેકનોલોજી સ્થાપવામાં જમીન અને સંસાધનોનો વધુ ઉપયોગ થાય છે.

2.વન્યજીવન પર અસર :-

પવનચક્કી અને વિકાસ યોજનાઓથી પક્ષીઓ અને અન્ય પ્રાણીઓના નિવાસસ્થાન ને નુકસાન થાય છે.

3.કચરાની નવી સમસ્યાઓ :-

સોલાર પેનલ,બેટરી વગેરેનો ઉપયોગ પછીનો કચરો યોગ્ય રીતે સંભાળવામાં ન આવે તો પર્યાવરણને નુકસાન થાય છે.

4.અસમાન વિકાસ:-

કેટલાક વિસ્તારોમાં જ વિકાસ કેન્દ્રિત થવાથી પર્યાવરણીય અને સામાજિક અસમાનતા ઊભી થાય છે.

**સમાપન**

ટકાઉ વિકાસ એ વર્તમાન પેઢીની જરૂરિયાતો પૂરી કરે પણ ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતો સાથે સમાધાન ન કરે જેમાં આર્થિક વિકાસ, સામાજિક સુખાકારી અને પર્યાવરણનું રક્ષણ વચ્ચે સંતુલન જાળવવામાં આવે અને સંસાધનોનું સંરક્ષણ જેવા હેતુઓ સિદ્ધ કરવા પર ભાર મૂકવામાં આવે છે.  ટકાઉ વિકાસ ના લક્ષ્યો એ પર્યાવરણના સંરક્ષણ અને જાળવણી તેમજ પ્રદૂષણ

 ISSN: 2349-6002

નિયંત્રણ અને કુદરતી સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને સ્વચ્છ તથા સુરક્ષિત ભવિષ્ય માટેનો માર્ગ તૈયાર કરે છે .ટકાઉ વિકાસ દ્વારા આપણે આપણા બાળકો અને ભવિષ્યની પેઢી માટે સ્વસ્થ અને સમૃદ્ધ પૃથ્વી છોડી શકીશું.

સંદર્ભસૂચિ

[1] •પર્યાવરણીય અર્થશાસ્ત્ર
[2] •https://share.google/p7kqD2AAnj7ImzxxC
[3] •https://bettercotton.org/gu/sustainable-development-goals/
[4] •https://chatgpt.com/